ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળના સભ્યોને ચુકવવામાં આવતા ફરજ ભથ્થાના દર સુધારવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક:હગદ/૧૦૨૦૧૭/૧૧૩૦/ફ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૨/૧૧/૨૦૨૨

**વંચાણે લીધા:-**

(૧) આ વિભાગનો તા.૦૧/૧૦/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક: ગરદ/૧૦૯૭/૩૩/પા.ફા./ફ
(૨) આ વિભાગનો તા.૧૭/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: ગરદ/૧૦૯૩/૩૩/પા.ફા./ફ
(૩) આ વિભાગનો તા.૦૫/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: ગરદ/૧૦૯૭/૩૩/પા.ફા./ફ

**આમુખ:-**

કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુસર સ્થાનિક પોલીસની મદદમાં રહીને કુદરતી હોનારતો, મોટા અગત્યના તહેવારો, વીઆઇપી બંદોબસ્ત વિગેરે કામગીરી અસરકારક, વ્યવસ્થિત તથા સુઆયોજિત બનાવવાના હેતુસર ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળ ઉભું કરવામાં આવેલ છે. આ દળની રચના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૬૩ હેઠળ થયેલ છે. ગ્રામ રક્ષક દળના જવાનો ઉંડાણના તથા સરહદી વિસ્તારોના ગામડાઓમાં ફરજો બજાવે છે. ગ્રામ્ય કક્ષાએ તથા તાલુકા કક્ષાએ પોલીસ સહાયક તરીકે ફરજ બજાવે ત્યારે ગ્રામ રક્ષક દળ અને સાગર કિનારાના જીલ્લાઓમાં ફરજ બજાવે ત્યારે સાગર રક્ષક દળ તરીકે ઓળખાય છે. ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળના સભ્યોને ચુકવવામાં આવતા દૈનિક ભથ્થાંઓમાં વંચાણે લીધેલ-(૩) થી વધારો કરવામાં આવેલ હતો. ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળના સભ્યોની પોલીસના પુરક દળ તરીકેની કામગીરીને લક્ષમાં લેતા ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળના સભ્યોને ચુકવવામાં આવતા દૈનિક ભથ્થાંઓમાં વધારો કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળના સભ્યોને મળતા દૈનિક ભથ્થામાં પુખ્ત વિચારણાના અંતે નીચે જણાવેલ વિગતે વધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે;

| | પ્રવર્તમાન દર | સુધારેલ દર |
|---|---|---|
| દૈનિક ફરજ ભથ્થું | રૂ. ૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા) | રૂ. ૩૦૦/- (અંકે રૂપિયા ત્રણસો પુરા) |

૨. આ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક: ગરદ/૧૦૯૭/૩૩/પા.ફા./ફ માં દર્શાવેલ વિગતે અન્ય ભથ્થાઓ યથાવત રહેશે.


| | |
|---|---|
| ઇનવર્ડ નં. | ૨૮૭૩ |
| તારીખ | ૩/૧૧/૨૨ |
| શાખા | |

૩.	આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:-૪૬, મુખ્ય સદર-૨૦૭૦-અન્ય વહીવટી સેવાઓ-૧૦૬(૨) નાગરિક સંરક્ષણ-પેટા સદર(૨) ગ્રામ રક્ષક દળ હેઠળ ઉધારવાનો રહેશે અને જે તે નાણાકીય વર્ષ માટે મંજુર થયેલ અનુદાનમાંથી મેળવવાની રહેશે.

૪.	આ ઠરાવનો અમલ તા. ૦૧/૧૧/૨૦૨૨થી કરવાનો રહેશે.

૫.	આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૯/૧૦/૨૦૨૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિકુંજ જાની)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, નાણાના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી, ગૃહના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ડાયરેક્ટર જનરલશ્રી, સિવીલ ડિફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, લાલ દરવાજા, અમદાવાદ.
- તમામ પોલીસ અધિક્ષકશ્રી.........
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૧, અમદાવાદ/ઓડીટ-૨, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર/વડોદરા.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
- સર્વે જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટશ્રી.
- સેક્શન અધિકારીશ્રી, આર શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.